# ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન્ - શિક્ષક, તત્ત્વજ્ઞાની અને રાજનીતિજ્ઞ

પાંચમી સપ્ટેમ્બર એટલે શિક્ષક દિન. કોઇ પણ દેશ કે સમાજના ચિંતન અને વિકાસનો આધાર જે તે સમાજના શિક્ષકો પર રહેલો છે.. શાળા-કોલેજોમાં આ દિવસે શિક્ષકોને સન્માનિત કરીને તેમને ગૌરવ બક્ષવાનો પ્રયત્ન કરવામાં આવે છે. જે શિક્ષકોએ શિક્ષણના માધ્યમ દ્વારા આપણા જીવનને રાહ બતાવ્યો છે, જીવન જીવવા માટેના આધારો બતાવ્યા છે અને તે આધારોને પ્રાપ્ત કરવા મદદ કરી છે તેમને શ્રદ્ધાંજલિ અને શુભાંજલિ અર્પવાનો દિવસ છે.

તા.૫ સપ્ટેમ્બર જ કેમ? પૂછતાં જવાબ મળ્યો કે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ના જન્મ દિવસને શિક્ષકદિન તરીકે ઉજવવામાં આવે છે. વધુ પ્રશ્ન કર્યો કે રાધાકૃષ્ણન્ કોણ હતા? જવાબમાં .... એક શિક્ષક અને ભારતના રાષ્ટ્રપતિ. જો આટલું જ હોત તો ભારતમાં ઘણાં રાષ્ટ્રપતિ થઇ ગયાં અને ઘણાં આદર્શ શિક્ષકો પણ થઇ ગયાં તો તેમના જન્મદિવસને નહીં ને રાધાકૃષ્ણનના જ જન્મદિવસને કેમ શિક્ષકદિન તરીકે ઉજવવામાં આવે છે? જેનો જવાબ મળ્યો નહતો. આજે પણ શાળા-કોલેજોમાં રાધાકૃષ્ણન્‌ની ઓળખ માત્ર શિક્ષક અને રાષ્ટ્રપતિ તરીકે જ આપવામાં આવે છે. તેમના વિશે ઘણાં ઘણાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઘણું ઘણું જાણતાં નથી. અહીં તેમની આછેરી ઓળખ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ડૉ.રાધાકૃષ્ણન્‌નો જન્મ ઇ.સ.૧૮૮૮ના સપ્ટેમ્બરની પાંચમી તારીખે મદ્રાસના નાનકડા તિરુતુનિ નગરમાં થયો હતો. તેમને ધર્મનો વારસો તેમના ઇશ્વરભક્ત અને ધર્મપરાયણ માતા-પિતા પાસેથી મળ્યો હતો. મધ્યમવર્ગ, હિન્દુ બ્રાહ્મણ કુટુંબના વીરા સમૈયાના બીજા નંબરના પુત્ર, ૧૯૦૬ માં ૧૮ વર્ષની ઉંમરે વિદ્યાર્થી અવસ્થામાં શીવકમમ્મા સાથે લગ્ન, તેમના પત્નીનું મૃત્યુ ૧૯૫૬માં, તેમનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પોતાના વતનમાં ૧૮૯૬-૧૯૦૦ સુધી. ઉચ્ચશિક્ષણ વેલોર (૧૯૦૦-૧૯૦૪) અને મદ્રાસની ક્રિશ્ચિયન કોલેજમાં (૧૯૦૪-૧૯૦૮) લીધું હતું. તેઓએ બી.એ.માં તત્ત્વજ્ઞાનની ઉપાધિ પ્રાપ્ત કરેલ. ચુસ્ત ધાર્મિક વાતાવરણ હોવાં છતાં તેઓના અભ્યાસ માટે ક્રિશ્ચિયન મિશનરી સ્કૂલમાં પ્રવેશ લીધો હતો. તેમની શૈક્ષણિક કારકિર્દી અત્યંત તેજસ્વી હતી.

તેમના અનુસ્નાતક કાર્યથી પ્રભાવિત થઇને કોલેજના આચાર્ય જે.બી.હોગે તેમને મદ્રાસની પ્રેસિડન્સી કોલેજમાં ૨૧ વર્ષની ઉંમરે અધ્યાપક તરીકે નિયુક્ત કર્યા અને એ જ કોલેજમાં આસી.પ્રોફેસર તરીકે પાંચ વર્ષ (૧૯૦૯થી ૧૯૧૭) સુધી ત્યાં કામ કર્યું. પછી રાજા મુંદીની આર્ટ્સ કોલેજમાં જોડાયા હતા. માયસોર યુનિવર્સિટીમાં(૧૯૧૮-૧૯૨૧)તત્ત્વજ્ઞાનના પ્રોફેસર તરીકે. તે જ વર્ષથી લેખનકાર્ય શરૂ કર્યું. કલકત્તા યુનિવર્સિટીમાં ફિલોસોફીના પ્રોફેસર તરીકે(૧૯૨૧-૧૯૩૧ અને ૧૯૩૭ થી ૧૯૪૪),૧૯૩૧માં આંધ્ર યુનિવર્સિટીના ઉપકુલપતિપદે નિયુક્ત થયા અને ૧૯૩૬માં ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં સ્પેલડિંગ ટ્રસ્ટ પ્રોફેસર ઓફ ઇસ્ટર્ન રિલિજિયન એન્ડ એથિક્સના મહાન પદ પર નિયુક્ત થયા. પંડિત મદનમોહન માલવિયાજીના આમંત્રણથી તેઓ ૧૯૪૨માં બનારસ હિન્દુ યુનિ.ના કુલપતિ તરીકે જોડાયા. ૧૯૪૦માં તેમની પસંદગી બ્રિટિશ અકાદમીના સભ્ય તરીકે થઇ. ૧૯૪૬થી ૧૯૫૦ સુધીના વર્ષોમાં તેમણે યુનેસ્કો ખાતે ભારતીય પ્રતિનિધિ મંડળના અધ્યક્ષ તરીકે ભવ્ય અને યશસ્વી કામગીરી બજાવી. ચેરમેન ઓફ એક્ઝુટીવ બોર્ડ ઓફ યુનેસ્કો-૧૯૪૮, પ્રમુખ યુનેસ્કો-૧૯૫૨, આ સમયગાળા દરમિયાન સ્વતંત્ર ભારતની ઉચ્ચ શિક્ષણની નવી તરાહ કંડારવા માટે ૧૯૪૮માં "વિશ્વવિદ્યાલય શિક્ષણ પંચ"ની સ્થાપના કરવામાં આવી. આ પંચના અધ્યક્ષ તરીકે તેમણે ફરજ બજાવીને યુનિવર્સિટી શિક્ષણને નવો રાહ ચીંધતો સત્ત્વશીલ હેવાલ આપ્યો. આ અરસામાં જ ૧૯૪૯-૫૨માં તેમને મોસ્કો ખાતે ભારતીય રાજદૂત તરીકે એક કુશળ રાજનીતિજ્ઞ તરીકે તત્કાલીન રશિયન પ્રમુખ

સ્ટાલીન સાથે ઉષ્માભર્યા સંબંધો સ્થાપી ભારત અને રશિયાની ઘનિષ્ઠ મૈત્રીનું એક મહત્ત્વનું ઐતિહાસિક સોપાન રચી આપ્યું. પી.ઇ.એન કોંગ્રેસ ના પ્રતિનિધિ ૧૯૫૯ અને ત્યારબાદ વાઇસ પ્રેસિડન્સ ઓફ ઇન્ટરનેશનલ પી.ઇ.એન., ઓનરરી ફેલો બ્રિટિશ એકેડમી-૧૯૬૨, હાવર્ડ, યુનિ. યુ.એસ.એ. માં યોજેલ તત્ત્વજ્ઞાન અધિવેશનમાં -૧૯૬૨ કલકત્તા યુનિ. ના પ્રતિનિધિ.

૧૯૫૨ માં ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિનો પદભાર સંભળ્યો. ૧૯૫૨ થી ૧૯૫૭ સુધી આ પદે રહ્યાં પછી ૧૯૫૭ થી ૧૯૬૨ સુધી ફરી ઉપરાષ્ટ્રપતિ પદે કાર્યભાર સંભાળ્યો. ત્યારબાદ ૧૯૬૨માં રાષ્ટ્રપતિપદે ચૂંટાઇ આવ્યા. એક તત્ત્વજ્ઞ ઉચ્ચ રાજકીય સ્થાને હોવાથી તેનો લાભ ભારતને મળેલો. પ્લેટોને યાદ કરો, તેમણે કહેલું “તત્ત્વજ્ઞાની જ રાજા હોવો જોઇએ અને રાજાએ તત્ત્વજ્ઞાની બનવું જોઇએ.”

ડૉ.રાધાકૃષ્ણન્‌ને અનેક ખિતાબો પણ મળેલા. નાઇટહૂડ-૧૯૩૧, માનદ પી.એહ.ડી. તેહરાન યુનિ.-૧૯૬૩, માનદ ડી.લીટ. ત્રિભુવન યુનિ. નેપાળ-૧૯૬૩, માનદ ડોક્ટર ઑફ લો, પેન્નસીલવાનીઆ યુનિ.૧૯૬૩, માનદ પી.એચ.ડી. મોસ્કો યુનિ.-૧૯૬૪, માનદ ડૉક્ટર ઓફ લો, નેશનલ યુનિવર્સિટી ઓફ આર્યલેન્ડ-૧૯૬૪, તેમને ૧૦૦થી વધારે માનદ ડિગ્રીઓ મળેલી જેમાં ઓક્સફર્ડ, કેંમ્બ્રીજ, રોમ યુનિ વગેરેનો સમાવેશ થાય છે.

સંસ્કૃત અને અંગ્રેજી ભાષાના પ્રભુત્વને કારણે તેઓ દર્શનશાસ્ત્ર જેવા વિષયને સુગ્રાહ્ય બનાવી શકતા. તેઓ પૌર્વાત્ય અને પાશ્ચાત્ય તત્ત્વ દર્શનના સેતુ હતા. તેમણે વિશ્વના વિવિધ દેશોનો પ્રવાસ કરીને તેમના દૃષ્ટિકોણ અંગે લગભગ ૧૦૦૦ પ્રવચન આપેલા. ભારતીય તત્ત્વજ્ઞાનના તેઓ પુરસ્કર્તા હતા. તેમણે હિંદુ તત્ત્વજ્ઞાન, ભારતીય સભ્યતા અને સંસ્કૃતિ, યોગ, અંત:પ્રજ્ઞા અને પરા ભૌતિક અનુભવો પર વ્યાખ્યાનો આપ્યાં હતાં. તેઓ બંને વિશ્વના અસ્તિત્વનો સ્વીકાર કરતા- એક ભૌતિક વિશ્વ અને બીજું આધ્યાત્મિક વિશ્વ. એમનાં તત્ત્વચિંતનનું બીજું પાસું માનવ છે. તેમના મતે....... માનવ એ દિવ્યતાનો અંશ છે. માનવ હંમેશાં પૂર્ણત્વને ઝંખે છે. માનવને વિશ્વના દરેક પ્રવાહોનું જ્ઞાન હોવું જોઇએ. જ્ઞાનનો ઉપયોગ સત્યના શોધન માટે થાય તે રીતે શિક્ષણ આપવું જોઇએ. મુક્ત મનની કેળવણી પર ભાર મૂકવો જોઇએ. તેમણે તત્કાલીન શિક્ષણમાં પ્રવર્તતી અનેક પ્રકારની વિસંવાદિતતાઓ જોયેલી. જેમાં રાષ્ટ્રીય પરંપરાઓ અને જરૂરિયાતો, નૈતિક, ધાર્મિક, સાંસ્કૃતિક મૂલ્યો અને પરંપરાઓની ઉપેક્ષા કરવામાં આવેલી. શિક્ષણ માત્ર શાબ્દિક હતું. પરિણામ સ્વરૂપ તેમણે ભારતીયતાને આધાર બનાવીને શિક્ષણ અંગે પોતાના આગવા વિચારો પ્રગટ કર્યા હતા. જે વિચારોએ ભારતના શિક્ષણ જગતને ઘણી મોટી દિશા ચીંધી છે.

તેઓ જ્ઞાન, કર્મ અને ભક્તિનો ત્રિવેણી સંગમ હતા. ભારતીય સંર્સ્કૃતિના આર્ષદષ્ટા તરીકે, ઉચ્ચ કોટીના અધ્યાપક તરીકે, જ્ઞાનના આજીવન ઉપાસક તરીકે, કુશળ અને કૂટનીતિજ્ઞ રાજકારણી તરીકે અને મહાન દાર્શનિક તરીકે તેમણે ભારતના સંસ્કાર જીવનને પ્રેરણાનું પાથેય પૂરું પાડ્યું છે.

દેશની ઉચ્ચત્તમ જવાબદારીમાંથી મુક્ત થયા પછી શેષ નિવૃત જીવન તેમણે સતત જ્ઞાનની ઉપાસનામાં જ વિતાવ્યું. તેમણે સંસારમાં રહીને જલકમલવત્ જીવન જીવીને ૧૯૭૫ ના એપ્રિલની ૧૯મી તારીખે પોતાના દેહનો ત્યાગ કર્યો. તેમણે ભારતની કરેલી સેવા, દુનિયામાં પ્રસરાવેલ ભારતીય તત્ત્વજ્ઞાન અને શિક્ષણને ચીધેલ દિશા બદલ તેમનામાં રહેલા શિક્ષકને આધાર બનાવી ભારતના તમામ શિક્ષકને તેમની ભૂમિકાની સરાહના કરવા માટે પાંચમી સપ્ટેમ્બરે શિક્ષકદિન ઉજવવામાં આવે છે.